# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,મહેસાણા

સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ, રાધનપુર રોડ મુ.પો: પાંચોટ, તા-જિ: મહેસાણા

ફોન.નં- ૦૨૭૬૨-૨૯૯૦૫૫ EMAIL ID : dso-sycd-meh@gujarat.gov.in / dsdo-mehsana@gujarat.gov.in

જા.નં.રા.કક્ષા સેપકટકરાવ/જિ.ર.પ્ર.કે.મહે./ ૦૭-૫૭/૨૦૨૫-૨૬ તા.૩૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

**સીધી રાજયકક્ષા સેપક ટકરાવ અં.૧૪,૧૭ બહેનો ડે-નાઈટ સ્પર્ધા**

**વિષય:-ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત સીધી રાજયકક્ષાની સેપક ટકરાવ અં.૧૪, ૧૭ બહેનો ડે-નાઈટ સ્પર્ધાના કાર્યક્રમ બાબત**

**સંદર્ભ :- માન.ડાયરેકટર જનરલશ્રી,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરના ક્રમાંક:એસએજી/ખેમકું-૨૦૨૫/૪૭૪૪૭-૪૭૫૫૨/૨૦૨૫-૨૬, તા.૨૪/૧૨/૨૦૨૫ નો પરિપત્ર**

**શ્રીમાન,**

**સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર તેમજ જિલ્લા વહીવટી તંત્ર, મહેસાણા અને જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી,મહેસાણા દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૫ માં સીધી રાજયકક્ષાની સેપક ટકરાવ અં.૧૪,૧૭ બહેનોની ડે-નાઈટ સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ, પાંચોટ-મહેસાણા,જિ.મહેસાણા ખાતે તા.૦૮/૦૨/૨૦૨૬ થી તા.૧૧/૦૨/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંગેની સ્પર્ધામાં ભાગ લેવા માટેની આપના જિલ્લાના ખેલાડીઓને જાણ કરવા વિનંતી.**

**<u>સીધી રાજયકક્ષા સેપક ટકરાવ અં. ૧૪, ૧૭ બહેનો સ્પર્ધા કાર્યક્રમ</u>**

| ક્રમ | વયજુથ | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા અને રીપોર્ટીંગ સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ બહેનો | તા.૦૮/૦૨/૨૦૨૬<br>સાંજે ૫:૦૦ કલાકે | તા.૦૯/૦૨/૨૦૨૬<br>સ્પર્ધા સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે | સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ,પાંચોટ-મહેસાણા તા.જિ.મહેસાણા (ઈન્ડોર હોલ) |
| ૨ | અંડર-૧૪ બહેનો | તા.૦૯/૦૨/૨૦૨૬<br>સાંજે ૫:૦૦ કલાકે | તા.૧૦/૦૨/૨૦૨૬<br>સ્પર્ધા સાંજે ૭:૩૦ કલાકે શરૂ થશે | |

**સ્થાનિક સંપર્ક નંબર :- વિરલ ચૌધરી – DSO – ૯૬૩૮૫૦૩૮૨૫, વિનુભાઇ દેસાઇ – ૯૪૨૯૧૭૫૭૯૫**
**રજીસ્ટ્રેશન-ખોડાજી ઠાકોર-૯૭૧૪૩૯૬૬૩૫, નિવાસ- શૈલેશભાઇ ચૌધરી-૯૯૨૪૩૭૮૧૧૧**

**<u>જરૂરી સુચના :</u>**

૧. ખેલાડીઓએ ખેલમહાકુંભ ૩.૦ માટેનું એલીજીબીલીટી ફોર્મમાં આચાર્યશ્રી, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિક્કા સાથેનું લાવવાનું રહેશે.
૨. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની એન્ટ્રી ફરજીયાત સાથે લાવવી. ઓનલાઈન આઇ.ડી.નંબરવાળા સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૩. ખેલાડીએ આધાર કાર્ડ, બોનોફાઇડ સર્ટી. ઝેરોક્ષ (ઓરીજીનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ અને રહેઠાણના પુરાવા સાથે લાવવાના રહેશે.
૪. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે.
૫. સીધી રાજયકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ખેલાડીઓને એક ટાઇમ લંચ આપવામાં આવશે. માત્ર પ્રથમ રાઉન્ડના વિજેતાઓને જો રોકાવાની જરૂર જણાય તો ભોજન અને નિવાસ પુરુ પાડવામાં આવશે. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે ટીમના મેનેજરે જે તે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે.અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
૬. સીધી રાજયકક્ષા સ્પર્ધામાં ભાગ લેનાર ટીમો/ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેતો નથી.
૭. સ્પર્ધા સ્થળે ભાગ લેવા આવવા માટે ખેલાડી,કોચ,મેનેજર GSRTC એસ.ટી બસ તથા રેલ્વે દ્વારા જ ફરજીયાત મુસાફરી કરવાની રહેશે.

૮. ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા આવતા પહેલા વાલીની સંમતિ પ્રમાણપત્ર લઇને આવવાનું રહેશે.
૯. ભાગ લેવા આવતી તમામ ટીમોની સાથે ખેલાડી,કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇ પણ બિન અધિકૃત વ્યકિતને ટીમ સાથે લાવવાનો/મોકલવાનો રહેશે નહી.
૧૦. જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્પર્ધા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોચ્યાની જાણ મેનેજર/કોચ દ્વારા અત્રેના આયોજક અધિકારીશ્રીને ટેલિફોનીક /લેખિત જાણ કરવાની રહેશે.
૧૧. ખેલાડીઓએ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઇને આવવાનું રહેશે તેમજ સેપક ટકરાવ સ્પર્ધા નોકઆઉટ પધ્ધતિથી રમાડવામાં આવશે.
૧૨. આ સ્પર્ધા રાજયકક્ષા સેપક ટકરાવ એસોશીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
૧૩. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરશ્રીને અચુક પણે આપવાની રહેશે.તથા એન્ટ્રી ઓરીજીનલ KMK ID વાળી પણ સાથે લાવવાની રહેશે.
૧૪. ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા આવનાર ખેલાડીઓ,કોચીઝ અને મેનેજરશ્રીઓએ પોતાની બેન્ક ખાતાની વિગત રોકડ પુરસ્કારના ફોર્મ ભરવા માટે સાથે લાવવાની રહેશે. (વિજેતા થનાર ટીમો માટે)
૧૫. ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા રેગુ ઈવેન્ટ માં ઓછા માં ઓછા ત્રણ (3) અને વધુ માં વધુ પાંચ (5) ખેલાડીઓ તેમજ કવૉડ ઈવેન્ટ માં ઓછા માં ઓછા ચાર (4) અને વધુ માં વધુ છ (6) ખેલાડીઓ ભાગ લઈ શકશે.

**<u>ખાસ નોંધ :</u> ખેલ મહાકુંભ ના નિયમ પ્રમાણે એક જ કે.એમ.કે.આઈ.ડી. હેઠળ ભાગ લેવાનો હોવાથી કોઈ પણ એકજ ઈવેન્ટ માં ભાગ લઇ શકાશે.**

**<u>વધુમાં ખેલાડીઓ, કોચ-મેનેજર તમામે સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ-મહેસાણા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં સ્વચ્છતા સંબંધિત અચુક ધ્યાન રાખવાનું રહેશે.</u>**

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
મહેસાણા

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
મહેસાણા

<u>નકલ સવિનય રવાના :-</u>

૧. માન.સચિવશ્રી,રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨. માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૩. માન.જિલ્લા કલેકટરશ્રી, કલેકટર કચેરી, મહેસાણા
૪. માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી,મહાનગરપાલિકા મહેસાણા
૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા
૬. માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા
૭. માન.સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૮. માન.આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી,(ખેલ મહાકુંભ), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૯. માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા
૧૦. માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા
૧૧. માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહેસાણા (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ હાજર રાખવા બાબતે)
૧૨. માન.મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૧૩. માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૪. માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજય સેપક ટકરાવ એશોસીએશન.
૧૫. માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ મંડળ, મહેસાણા

**સ્પર્ધા સ્થળે આવવા સ્કેન કરો**
**સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ,પાંચોટ,તા.જિ.મહેસાણા**